==========================================================

**સુરતના મે. પાંચમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.સુરત.**

==========================================================

**ક્રિમીનલ કેસ નં.– ૧૩૨૯૬૨/૨૦૨૪**

**આંક:–**

## –: ચુકાદો :–

આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપીઓ ની જુગારધારા કલમ–૧૨ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી ઓનાઓએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપીઓએ રોકડ રકમ (દાવ પરની ) અંગે નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીઓ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીઓ નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીઓ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપીઓ નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો  છેવટનો હુકમ ફરમાવુ છું.

## –: હુકમ :–

આરોપી નં.(૧) ટુન્ના મકંશ શાહુ, (૨) ટુકના ગણપતિ દોરા, (૩) વિધ્યાધર સંતોષ ગૌડા, (૪) રંજન ખદાલ દલબહેરા, (૫) પિતાંબર દયાનિધી પ્રધાન, (૬) જીતેન્દ્ર કૃષ્ણ સ્વાઈન, (૭), કૃષ્ણચંદ્ર સુદર્શન સ્વાઈન, (૮) જીતુ પંચનાથ બિસઈ, (૯) નાગેશ્વર બાહંગ બિસઈ, (૧૦) પાંડવ ગોવિંદ સ્વાઈન, (૧૧) પપ્પુન શંકર ગૌડાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ ધી જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

મુદામાલ પાવતીમાં જણાવેલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે. જો મુદામાલ કોર્ટમા જમા ન હોય તો પો.સ્ટેમા સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે. બાકીનો બીનકીમતી મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ – ૧૪મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪ (કુ.એસ.એન ફાળકી)

સ્થળ : સુરત. પાંચમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત

**CODE NO.001579**